


## સલામી સવારની..

*ઉના વાયા સાળંગપુર દોડાદોડી થઈ ગઈ છે,*
*રોટલા શેકનારાની પડાપડી થઈ ગઈ છે,*
*મારી મચડી બાંધે સંબંધો ગુરુ-પિતા-ભક્તના*
*મત ભૂખ્યા મગરોમાં રડારડી થઈ ગઈ છે!*
*(નેતાશ્રીઓનાં હૃદય ભક્તિભાવે છલકાયાં)*

હાઈકુ

*મોંઘવારીમાં,*
*કાશ્મીર સરહદે -*
*શહિદી સસ્તી...*
*(અસુરક્ષાનું પેકેજ!!)*

*જન હૃદયમાં -*
*શ્રદ્ધા-વિશ્વાસ-ભક્તિનાં*
*બાંધ્યાં મંદિરો...*
*(સ્વામી બાપાનું પ્રમુખ કાર્ય)*

## ચિંતન

*વિસ્રબ્ધઘાત દોષઃ સ્વવધાય ખલસ્ય વીરપ્રકોપ કરઃ ।*
*નવતરુ ભંગ ધ્વનિ રિવ હરિનિંદ્રા તસ્કરો કરિણઃ ॥*

આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયમાંથી લેવામાં આવ્યો છે. દુર્જન પોતાના હલકા સ્વભાવથી બીજાનો નાશ તો કરે જ છે સાથે પોતાના પણ વિનાશ નોતરે છે.

દુષ્ટ લોકો પોતાને મદદરુપ થનાર, આશ્રય આપનાર કે વિશ્વાસ મૂકનાર સાથે પણ કપટ કરી તેનું કાસળ કાઢે જ છે - કે એવો પ્રયત્ન કરે છે ત્યારે એનો ભોગ બનનાર એને ઓળખી જાય છે અને તેનો (ખલ-દુષ્ટનો) પણ નાશ કરી નાખે છે.

આ વાત સરસ દૃષ્ટાંતથી સમજાવવામાં આવી છે. જંગલી હાથી તડકામાં વિશ્રામ મેળવવા જે વૃક્ષ નીચે ઊભો રહે છે તેની જ ડાળો ને ખાવા ખેંચીને તોડી પાડે છે. આ ડાળ તૂટવાના અવાજથી આસપાસમાં સૂતેલો સિંહ જાગી જાય છે અને હાથીને જ શિકાર બનાવે છે.

## સુવિચાર

- આમ તો ધર્મનો સાચો અર્થ નૈતિકતા નથી પણ માત્ર લાગણીનો સ્પર્શ પામેલી નૈતિકતા છે - **બર્નાડ શો**
- પ્રયત્ન વિના પ્રાપ્ત થતી એક માત્ર ચીજ છે - ઉંમર - **એસ. ભટ્ટાચાર્ય**
- 'કળા' એ તો ચિત્ત શુદ્ધિની પ્રક્રિયા છે - **સમરસેટ મોમ**
- માણસોને જયારે લડવાની જરુર નથી હોતી ત્યારે તેઓ મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા લડે છે - **ખલિલ જિબ્રાન**
- કોઈ પણ પ્રકારનું બહારનું દબાણ માનવીના આત્માને શ્રદ્ધા કે અશ્રદ્ધા માટે ફરજ પાડી શકે નહીં - **સંત રોબિન**
- પ્રામાણિકતાથી ફરજ બજાવો એજ ઉત્તમ કાર્ય છે. બાકીનું બધું ભગવાન પર છોડી દો - **લોંગ ફેલો.**
- આજનું ઔષધ : વડનું દૂધમાં હળદર મેળવીને ખીલ ઉપર લગાવવાથી ખીલ મટે છે

**(દીપક વી. આસરા)**

## બોધકથા

થોડાંક જ વર્ષ પહેલાં સંસ્કારી ઘરમાં 'સ્ત્રીઓ' સ્નાન કર્યા પછી જ પ્રવેશ કરતી. અન્ન અને જળ પવિત્ર હોય તો પિંડ (શરીર) પવિત્ર બને, વીર્ય પવિત્ર બને, સંતતિ સંસ્કારી જન્મે- વાણી પવિત્ર બને. આજકાલ લગભગ ઘરમાં 'સ્નાન' સમય બપોરના ૧૨ વાગ્યાનો થઈ ગયો છે. રસોઈ બનાવી એક ખૂણે રાખી દઈ - પછી નિરાંતનું સ્થાન...

સ્ત્રીને અન્નપૂર્ણા કહેવાતી, રસોડાની રાણી કહેવાતી. અન્નથી પ્રાણ બને - આજે બ્રેડ-બટર૦મેગી અને 'બહાર'નું ખાવાનું - મન-બુદ્ધિ-વાણીને અપવિત્ર કરે છે.

દશરથ રાજાના મહેલમાં અનેક નોકર-ચાકર હતા. પણ રસોડામાં રસોઈનું કાર્ય તો માતા કૌશલ્યા જ કરતાં હતાં. યુદ્ધ પછી, રામની 'રાજગાદી' ના ઉત્સવ નિમિત્તે સતિ મંદોદરી પણ આવ્યાં હતાં એણે કૌશલ્યાજીને પૂછ્યું - આટલા બધા નોકર-ચાકર છે છતાં તમે જ રસોઈ શા માટે કરો છો? અને રામ જેવા પવિત્ર-સંસ્કારી-વિનયી પુત્રને તમે કેવી રીતે 'સંસ્કાર' આપ્યા?

કૌશલ્યાજી કહે - રસોઈઘરની પવિત્રતાથી જ અન્ન પવિત્ર બને - પવિત્ર અન્નથી - પવિત્ર પિંડ બંધાય અને 'રામ' જેવા સંસ્કારી સંતાન જન્મે... આચાર-વિચાર-વાણી પર અન્ન-ભોજનનો વિશેષ પ્રભાવ હોય છે.

# લશ્કરી શિસ્તમાં પડતા ઘસરકા ચિંતાજનક છે

**તંત્રીસ્થાનેથી...**

સેના અધ્યક્ષ દલબીરસિંહ સુહાગે સેનાના પૂર્વ વડા અને વર્તમાન કેન્દ્રિય મંત્રી વી.કે. સિંઘ પર આરોપ લગાવતા કહ્યું કે વેરભાવ રાખી વી.કે. સિંઘે મારું પ્રમોશન અટકાવ્યું હતું. સમુહ માધ્યમોમાં પ્રસારિત થયેલા આ સમાચાર ચર્ચાસ્પદ તો છે જ પણ ચિંતાજનક પણ એટલા જ છે. લશ્કરની શિસ્ત મર્યાદા અને આચારસંહિતાને ઘસરકા પડતા જાય છે. છેલ્લા ત્રણ-ચાર વર્ષથી લશ્કરી અધિકારીઓમાં પણ આરોપ-પ્રતિઆરોપ થવા લાગ્યા છે. બદલી-બઢતી જેવી નાજુક બાબતોમાં પૂર્વગ્રહ યુક્ત વલણ સેનાના કારોબારમાં અશોભનીય છે. શિસ્તની પરાકાષ્ઠા એટલે જ લશ્કરી શિસ્ત. અને તેજ કાર્યક્ષેત્રમાં સર્જાતા વિવાદો શિસ્તના લીરા ઉડાડે છે.

વી.કે. સિંહ જયારે લશ્કરના વડા હતા ત્યારે દલબીરસિંહ સુહાગને બઢતી મળવાની હતી પરંતુ વી.કે. સિંઘે કેટલાંક બનાવોને કેન્દ્રમાં રાખી પક્ષાપક્ષીના છાંટા ઉડતા હોય એમ સુહાગની બઢતી અટકાવી હતી. જેના કારણે લશ્કરના અધિકારીઓ બે છાવણીમાં વહેંચાતા હોય એમ વર્તાતું હતું. વી.કે. સિંઘ હંમેશા વિવાદમાં રહેવા ટેવાયેલા છે. મહત્ત્વાકાંક્ષાઓથી ભરપૂર છે. અન્ના હજારે અને કેજરીવાલને ત્યાં આંટો મારી આવેલ એ સુવિદિત છે અને લોકસભાની ચૂંટણીમાં ભાજપનું જોર જામતું હોવાનું પ્રતિત થતાં ભાજપમાં જોડાઈ ચૂંટણી લડ્યા હતા. જંગી બહુમતીથી જીતી પ્રધાનપદુ પણ મેળવી લીધું. નરેન્દ્ર મોદીની આટલી ધાક હોવા છતાં વિવાદાસ્પદ નિવેદનો કરવામાં વી.કે. સિંઘ આજે પણ અગ્રેસર છે. ખરે...! આ એમનું વ્યક્તિત્વ કૌશલ્ય છે. જાહેરજીવનમાં નેતૃત્ત્વ કરતા મહાનુભાવો કેવા અને કેટલા શબ્દો કયાં અને કયારે બોલવા તેનું પ્રમાણભાન રાખવું જોઈએ કારણ કે એમના શબ્દો ઉપર સમગ્ર સમાજની નજર કેન્દ્રિત થયેલી હોય છે.

વાત વિવાદની છે અને તે પણ આપણી સરહદોની રખેવાળી કરતા જવાનોની છે... લશ્કરની છે... લશ્કરના વડાઓની છે. આવા વિવાદ કયારેય પણ બહાર ન આવવા જોઈએ અને બહાર આવે તો એને શમાવવા જોઈએ... ઠારવા જોઈએ. વધતી જતી મહત્ત્વાકાંક્ષાઓ આચારસંહિતાને રમણભમણ કરે છે. રાજકીય પક્ષો પણ નિવૃત્ત આઈ.એસ., આઈ.પી.એસ. અને લશ્કરી અધિકારીઓને પોતાના પક્ષોમાં ખેંચવા લલચાવે છે. વિવાદોમાં ઢસડે છે અને પોતાની ખીચડી પકાવે છે. એવો કાયદો કરવાની નૉબત આવી ચુકી છે કે સેવાનિવૃત્ત અધિકારીઓ પણ રાજકીય પક્ષોમાં જોડાઈ ના શકે. કોઈ રાજકીય પક્ષ હિંમત નહીં કરે તે પણ એટલું જ સત્ય છે. પરંતુ લોકમત ઊભો કરવો જોઈએ અને લોકમતને સ્વીકારવા રાજકીય મજબૂરી નિર્માણ કરવી પડશે. નહિં તો એક દિવસ વહિવટીતંત્ર, પોલીસતંત્ર અને લશ્કરીતંત્રમાં રાજકીય આટાપાટાના પડછાયા પડશે. અને પક્ષોના ભાગલામાં તંત્રોમાં સોદાબાજી થશે. વી.કે. સિંઘ - સુહાગનો વિવાદ ભલે નાનકડો લાગતો હોય પરંતુ કયારેક આગ બની જશે. એવો ભય સૌના મનમાં અનુભવાય છે. વધુ મોડું થાય તે પહેલા શાસક અને સમાજચિંતકો એ સમયસરના પગલા લઈ ઘસાતી જતી આચારસંહિતાને વધુ અડીખમ બનાવે.

## નારેશ્વરથી કબીરવડ

# નાનપણથી નર્મદા સ્નાનનો મોકો શોધતો....




નર્મદા નામ કાને પડતાંની સાથે મન ચંચળ બની જાય છે. દૂર દૂર પહાડો, જંગલો, કસ્બાઓમાં. એ નામનું આટલું આકર્ષણ! જરુર ગયા જન્મનો કોઈ નાતો હશે.

નાનપણમાં સૂરત મામાના ઘરે જતી વખતે એક લાંબી નદી આવતી. દર વખતે નદી આવવાની થાય ત્યારે બસની બારીમાં ચોંટી પડતો અને અચૂક રૂપિયાનો સિક્કો નીચે નાખતો. અત્યારે પણ નર્મદા પરથી પસાર થતાં અંદર બેઠેલું બાળક જાગી જાય છે, અને તરત રૂપિયાનો સિક્કો ઉછાળી દે છે. નાનપણથી નર્મદા સ્નાનનો મોકો શોધતો પણ કેમેય કરી કદીયે પાર પડતો નહિ. જયારે પણ કોઈ નદી ઝરણું જોતો તો નાહવા કૂદી પડતો. મમ્મી કહેતી કે તું ચોક્કસ ગયા જન્મમાં કાચબો હોઈશ. ત્યારે હું કહેતો કે કાચબો તો ખરો પણ નર્મદામાં જ રહેતો હોઈશ.

ઘણાં વર્ષો પછી વિદ્યાનગર મારી જોડે ભણતા મિત્રની સાથે એના ગામ જવાનું થયું. એનું ગામ રાજપીપળાનું ધમણાચા નર્મદાના કિનારે.

તેની સાથે નદી કિનારે ગયો. જતાં જ નાહવા કૂદી પડ્યો. નર્મદામાં એ મારું પહેલું સ્નાન. નર્મદાજળનો સ્પર્શ થતાં એક જુદા પ્રકારનો રોમાંચ અનુભવ્યો. હું બહારથી તો નાહી રહ્યો હતો, અંદરથી પણ ભીંજાતો હતો. નર્મદાષ્ટક ગાઈ મનોમન પ્રાર્થના કરી,

''મા નર્મદે, જયારે પણ જીવનમાં જાકારો મળે, તારા કિનારે આવીશ, તું મને સ્વીકારજે.''

સાંજ પડતાં સુધી કિનારે બેસી રહ્યો, દૂર દૂર સુધી કમનીય વળાંકો લેતી નર્મદાને જોઈ રહ્યો. પછી તો લઘુશોધનિબંધમાં અમૃતલાલ વેગડના નર્મદા પરિક્રમાના પ્રવાસગ્રંથો પસંદ કર્યા અને સતત નર્મદાની સાથે રહેવાનો મોકો મળ્યો. પરિક્રમાના પ્રવાસ ગ્રંથો પસંદ કર્યા અને સતત નર્મદાની સાથે રહેવાનો મોકો મળ્યો. પરિક્રમાનાં પુસ્તકો પર એમ.ફિલ. કરતો, તેથી પરિક્રમાના અનુભવ ખાથર વારંવાર નર્મદા કિનારે જતો. એકલોઅટૂલો ફર્યા કરતો.

જબલપુર પાસે ભેડાઘાટમાં ઊછાલા મારતી નર્મદા ને માર્બલ રોક્સમાંથી શાંત શિલ્પીની જેમ પથ્થરોને કંડારતી નર્મદાને મેં જોઈ છે. તો ગુજરાતમાં ધીમે પગલે વહીં સમુદ્રમાં એકાકાર થતી નર્મદાનાં અનેક રુપોને જોયાં છે. શિયાળું રાત્રિની નીરવતામાં નર્મદાનો રવ સાંભળ્યો છે, તો એ જ રાત્રિએ ધુઆંધાર હાંજા ગગડાવતાં હાકોટા સાંભળ્યાં છે.

નર્મદા વધારે નજીકથી જોવા-જાણવા એક દિવસ બે મિત્રો પ્રશાંત અને જિગ્નેશ સાથે નીકળી પડ્યો પરિક્રમા પર.

પરિક્રમા માટે માર્ગ પસંદ કર્યો નારેશ્વરથી કબીરવડ નર્મદાનો દક્ષિણતટ. વહેલી સવારે અમે નારેશ્વર નર્મદામાં સ્નાન કરી હોડીથી સામે કિનારે ગયા. શરુઆતમાં એક કિલોમીટર સુધી તો રેતાળપટમાં કિનારે કિનારે ચાલ્યા, પણ પછી સીધી ભેખડો શરૂ થતાં અમારે ઊંચાઈ પરથી ચાલવું પડ્યું. એક પગદંડી પર ચાલતા હતા. એ પગદંડી અમને ઝાડીઝાંખરાંમાંથી કેળનાં ખેતરોમાં અને ત્યાંથી એક ગાડાવાટ રસ્તા પર લઈ ગઈ. ત્યાં અમારી આગળ આગળ 'ખખડ થતી ને ખોડંગાતી જૂની ડમણી' જતી હતી. શિયાળાનો દિવસ હતો એટલે તાપ તો નહોતો લાગતો પણ ભૂખ ખૂબ લાગી હતી. આગળ ભદ્રા ગામ આવ્યું. ત્યાં નવા બંધાતા મંદિરની પાછળ બેસી સિંગસાકરિયા ખાઈ પાછળ વધ્યાં. **(ક્રમશઃ)**

*મિસરી*

**કાન તને રાધા ગમે કે ગમે મીરાં?**
**એકે કાળજ કરવત મેલ્યાં, એકે પાડ્યા ચીરાં !**
**કાન તને રાધા ગમે કે મીરાં ?**
**એકે જોબન ઘેલી થઈને તુજને નાચ નચાવ્યો;**
**એકે જોબન ધૂણી માથે તારો અલખ જગાવ્યો.**

**- ઈશુદાન ગઢવી**

# ૫૦ વર્ષની ઉંમરના પહેલા ખોળાના પુત્રને માંનો કડક ને મીઠો કાગળ




**કુછંદે ચડેલા પુત્ર હરિલાલને કસ્તુરબા ગાંધીની સમજાવટ**

ગાંધીના આચાર અને વિચારના રંગે અનેક વ્યક્તિઓ રંગાયા હતા અને રંગાતા રહેશે. પણ આ બધા વ્યક્તિઓણાં એક ઉજળું નામ એટલે કસ્તુરબા. જીવનભર બાપુના પગલાની છાપ પર એમણે સદૈવ ચાલ્યાં કર્યું. જીવનભર સમાજકારણમાં સંઘર્ષ વહોરનાર ગાંધી બાપુને એમને સાથ આપ્યો. આજના લેખમાં 'કસ્તુરબા'ની દૃષ્ટિ ગાંધીજીના કારણે કેવી ઘડાઈ હતી તેની વાત કરવી છે. ગાંધીજીએ તેમના સૌથી મોટા પુત્ર હરિલાલ ગાંધીના ધર્મ પરિવર્તન વિશે લખ્યું છે. (ગાંધીજીનો અક્ષરદેહ ખંડ, ૨૭) એ અરસામાં કસ્તુરબાએ ઈસ્લામ અંગિકાર કરનાર તેમના જયેષ્ઠ પુત્ર અને મુસલમાન મિત્રોને સંબોધીને બે અલગ અલગ પત્રો લખ્યા હતા. (અમારા બા, વનમાળાબેન પરીખ, નવજીવન પ્રકાશન, અમદાવાદ) એ પત્રોમાં લખાયેલી વાત કરવી છે. હરિલાલ ગાંધીએ મદ્રાસમાં મોડી રાતે દારૂ પીને જાહેરમાં તોફાની વર્તણૂંક કરી હતી. પોલીસે તેની ધરપકડ કરીને જયારે કોર્ટમાં રજૂ કર્યા ત્યારે મેજિસ્ટ્રેટને માત્ર એક રૂપિયાના દંડની સજા કરી હતી.

ચિ. હરિલાલ, એવા સંબોધન સાથેના પત્રમાં કસ્તુરબા તેમણે લખે છે, મેજિસ્ટ્રેટોએ પણ તારા પ્રત્યે આટલી દયા બતાવી એ પરથી જણાય છે કે તેઓ બહુ જ ભલા માણસો હોવા જોઈએ. આટલી સજા (ઓછી) કરીને મેજિસ્ટ્રેટોએ તારા પિતા પ્રત્યેનો તેમનો સદ્ભાવ બતાવી આપ્યો પરંતુ આ બનાવની વિગત સાંભળ્યા પછી મને તો ઘણું જ દુઃખ થાય છે. તારું એ વર્તન તો ખરેખર જ ઘણું અઘટિત હતું.

હરિલાલને બા લખે છે, 'તને શું કહેવું એની મને સૂઝ પડતી નથી. કેટલાંક વર્ષોથી હું તને તારા પોતાના જીવન પર અંકુશ રાખવાની વિનવણી કરતી આવી છું. પણ તું તો દિવસે અને દિવસે વધારે ને વધારે બગડતો જાય છે. હવે તો મારે જીવું પણ ભારે થઈ પડ્યું છે. તારા માતા-પિતાને તું એમના જીવનની સંધ્યાએ કેટલું દુઃખ આપી રહ્યો છે, તેનો જરા વિચાર કર.'

મહાત્મા ગાંધી પોતાના આ કુછંદે ચડેલા મોટાપુત્ર બાબતે જરાયે બોલતા નથી પરંતુ તારા વર્તનથી થતા આઘાતો વડે તેમનું હૃદય ચૂરેચૂરા થઈ જાય છે એવો ઉલ્લેખ કરતાં કસ્તુબા પત્રમાં પુત્રને કહે છે, 'અમારી લાગણીઓને આમ વારંવાર દુભાવવામાં તું મોટું પાપ કરી રહ્યા છે. અમારે ત્યાં પુત્ર તરીકે જન્મી તું દુશ્મનની માફક વર્તી રહ્યા છે.'

ઈસ્લામ અંગીકાર કર્યા પછી હરિલાલ ગાંધી બાપુની જાહેર ટીકા કરતા હતા એની સામે દુઃખ પ્રગટ કરતા તેઓ લખે છે, 'તું તારા બાપુની બહુ ટીકા અને નિંદા કરવા માંડ્યો છે એ તારા જેવા બુદ્ધિશાળી પુત્રને છાજતું નથી. તારા બાપુજીની નિંદા કરવામાં તું પોતે જ ઉઘાડો પડે છે એનું તને ભાન નથી. એમના હૃદયમાં તારે માટે પ્રેમ સિવાય બીજું કશું જ નથી. તું જાણે છે કે ચારિત્ર્યની શુદ્ધતાને તેઓ બહુ જ અગત્ય આપે છે. પરંતુ આ સલાહને તેં જરા પણ ગણકારી નથી. અને છતાં પણ તેમણે તો તને પોતાની સાથે રાખવાની, તારી ખોરાકી અને કપડાંલત્તાં પૂરાં પાડવાની અને તારી માવજત કરવાનીયે માગણી કરી છે.' (જાહેર સેવક તરીકે ગાંધી આવી માંગણી કરે એવી વાત કસ્તુરબાના આ પત્રમાં સ્પષ્ટ થાય છે એ નોંધ લેવી જોઈએ.) પત્રમાં આગળ લખતા તેઓ કહે છે, પણ તું તો હંમેશા કૃતઘ્ની જ રહ્યો. આખી દુનિયામાં તેમણે માથે કેટલી જવાબદારીઓ રહેલી છે. આથી વધારે બીજું તારા માટે એ કરી શકે તેમ નથી. તેઓ માત્ર પોતાની આ કમનસીબી માટે શૉક જ કરી શકે છે. (હરિલાલ પોતાને પુત્ર હોવાની બાપુની કમનસીબી) પોતે તો નિર્બળ વૃદ્ધ સ્ત્રી છે, અને તું જે માનસિક વ્યથા ઉત્પન્ન કરે છે તે સહન કરવા અશક્ત છું એમ ઉલ્લેખ કરતાં તેઓ કહે છે, તારા બાપુ તો ઈચ્છા શક્તિએ બળવાન છે એ તો બધું સહી લેશે. બાપુના જીવનની ઉણેદ પૂરી થાય તે માટે ઈશ્વરે તેમને જોઈએ તેટલું દીર્ઘાયુષ આપો એવી પ્રાર્થના સાથે તેઓ પુનઃ હરિલાલને તેના બાપ એવા મહાત્મા ગાંધી સામે ટીકા અને નિંદા નહીં કરવા સમજાવે છે. કસ્તુરબા કહે છે, 'તારા વર્તન વિષે ફરિયાદ કરતા અનેક પત્રો બાપુને મળે છે, આ સઘળી બદનામીના કડવા ઘુંટડા તેમને પી જવા પડે છે. પરંતુ માટે માટે તો તેં એક સ્થાન જવા જેવું રાખ્યું નથી. શરમની મારી હું મિત્રો કે અજાણ્યાઓની વચ્ચે હરીફરી શકતી નથી. તારા બાપુજી તો તને હંમેશા ક્ષમા આપ્યા જ કરે છે. પરંતુ પરમેશ્વર તારું વર્તન સાંખી લેશે નહીં.'

લેખમાં સ્થળ સંકોચનું વિવેકભાન જાળવતા આપણે કસ્તુરબાએ હરિલાલને લખેલા પત્રોની વિગતો આગામી લેખમાં જોઈશું. એક માં પોતાના પુત્રને કેવી રીતે મીઠો અને કડક ઠપકો આપીને તેને સુધારવાનો પ્રયાસ કરે છે એ જોઈને લેખનું સમાપન કરીએ. કસ્તુરબા હરિલાલને લખે છે.

''દરરોજ સવારમાં જાગું છું ત્યારે હૃદયમાં એવી ફાળ પડે છે કે રખેને વર્તમાન પત્રમાં તારા કોઈ નવા ગેરવર્તન વિશે તાજા સમાચાર આવ્યા હોય! હું ઘણીવાર વિચારું છું કે તું કયાં હોઈશ, કયાં સૂતો હોઈશ? શું ખાતો હોઈશ? કદાચ તું નિષિધ્ધ પદાર્થો પણ ખાતો હોઈશ. આવા વિચારોથી અનેક રાતો સુધી મને ઉંઘ પણ આવતી નથી. તને મળવાનું મને ઘણીવાર મન થઈ આવે છે. પરંતુ તું કયાં મળી શકે તેની જ મને ખબર નથી. મારો પહેલાં ખોળાનો દીકરો છે અને તારી ઉંમરે ય ૫૦ વર્ષથી થઈ છે. કદાચ મારું પણ માનભંગ કરે એ શંકાએ તારી પાસે આવતાં મને ડર લાગે છે.''

(લેખક સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક છે.)

# વ્હાલપની વાડ પર સૂકવેલ કુંવારિકાનું ભીનું ગવન




● ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમો પૈકીનાં એક કાર્યક્રમ 'સર્જકની કૅફિયત' અંતર્ગત એક કાર્યક્રમ, પ્રમુખ ભરત કવિના અધ્યક્ષપદે તા.૧૪-૮-૨૦૧૬ના રોજ સિનિયર સિટીઝનના કાર્યાલયમાં નમન એપાર્ટ., સે-૨૧ ખાતે યોજાઈ ગયો જેમાં લાઈફ ઈન્સ્યો. કોર્પો.ના અધિકારી નાથાલાલ દેવાણી કે જેમણે ગુજરાતી સાહિત્યની ગદ્ય અને પદ્યની ઉત્તમ કૃતિઓને સ્વહસ્તાક્ષરમં ૧૬ હસ્તલિખિત સંકલનો બહાર પાડેલ છે તેમણે પોતાની સર્જક કૅફિયત રજૂ કરી.

આ અનોખા કાર્યક્રમની શરુઆત પૂર્વે સંસ્થાના મંત્રી મૂળજીભાઈ પરમાર દ્વારા હાજર સર્વેના ધબકતા સૂરના સથવારે, શબ્દની સંગિની, આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિવંદના કરવામાં આવી. ત્યારબાદ આ માસમાં જે સભ્યોના જન્મદિન આવે છે, તેઓની નામાવલિ તેમના દ્વારા રજૂ કરવામાં આવતાં સર્વે તરફથી શુભકામનાઓ પાઠવવામાં આવી. મહેમાન નાથાલાલ દેવાણીનું ઉપપ્રમુખ સુરેશચંદ્ર ભટ્ટ દ્વારા પુસ્તકપુષ્ટથી સ્વાગત કરી, મંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા મોમેન્ટ આપી યાદનાં સંભારણાં સારું સન્માન કરવામાં આવ્યું. અધ્યક્ષસ્થાનેથી ભરત કવિ દ્વારા મહેમાન દેવાણીનાં ઓળખનાં ઓજસ પાથરી, તેમના હસ્તલિખિત અનોખા કાર્યનો ચિતાર રજૂ કરી, તેમણે હેતાવળા ઉમંગથી, શબ્દોના કંકુ-ચોખાથી પ્રેમથી પોંખ્યા.

દેવાણી પોતે કોઈ લેખક નથી, પરંતુ સાહિત્ય પ્રત્યે એટલો અગાધ ઊંડો લગાવ ધરાવે છે કે, લોકો સાહિત્ય વાંચતા થાય અને સાહિત્ય પ્રત્યે રૂચિ કેળવાય તે માટે તેમણે લગભગ ૧૮૦૦ (અઢારસો) પુસ્તકો ખરીદીને લોકોને ભેટ આપ્યાં છે. તેઓએ એક અનોખી કળા અપનાવીને લોકોને સાહિત્ય પ્રત્યે આકર્ષિત કરવા પોતાના સ્વહસ્તાક્ષરમાં મોટાં ૧૬ વોલ્યમ બહાર પાડી, આવા ગ્રંથોની ૨૫ થી ૩૦ નકલો સ્વખર્ચે ભેટમાં આપી છે. તેમણે ૧૯૮૬માં આંખનું ઓપરેશન કરાવ્યું ત્યારબાદ ૧૯૮૮માં આંખના સાત-સાત ઓપરેશનો કરાવ્યાં છતાં ડૉકટરોની સલાહને અવગણીને તેઓએ સ્વહસ્તાક્ષરમાં આવા હસ્તલિખિત ગ્રંથો લખવાનું ચાલું રાખ્યું છે, તે તેમની માતૃભાષા પ્રત્યેની ઉદાત ભાવના છે. તેઓ નોકરી કરતા હોવા છતાં, દિવસમાં બે-ત્રણ કલાક ફાજલ કરીને અને રજાનો આખો દિવસ લખતા રહીને આ અમૂલ્ય ગ્રંથોનું સ્વહસ્તાક્ષરમાં નિર્માણ કર્યું છે, જે ખરેખર ધીરજની કસોટી અને તેમની ભવ્યભાવના દાદને પાત્ર છે. તેમણે સૌ પ્રથમ સ્ને ૨૦૦૦ની સાલમાં, સુરેશ દલાલની ઉત્તમ કાવ્ય કૃતિઓનો સંગ્રહ 'કવિતા શબ્દનું ઐશ્વર્ય' બહાર પાડ્યું હતું અને આ સંગ્રહની ૨૫ નકલો મિત્રોને વિનામૂલ્યે વહેંચી હતી. ત્યારબાદ તેમણે ક્રાન્તિ ભટ્ટ, ગુણવંત શહા, વિગેરેની કૃતિઓને પણ સ્વહસ્તલિખિત અંકો તરીકે બહાર પાડ્યા છે. તેમના આ હસ્તલિખિત ગ્રંથોમાં 'કવિતા શબ્દનું ઐશ્વર્ય; કવિતા આનંદ સરિતા, સાધકોને સંગે, વિગેરેનો સમાવેશ થાય છે. તેઓ સને ૨૦૧૧, સપ્ટે. માં નિવૃત્ત થતાં, સ્વહસ્તલિખિત ગ્રંથ 'અંતિમ પર્વ' બહાર પાડેલ છે અને હવે તેઓની આગામી જન્મતારીખ ૯-૯-૨૦૧૬ના રોજ ૧૭મું પ્રતિભાવોનું સંકલન બહાર પાડવા જઈ રહ્યા છે. તેમનાં આ હસ્તલિખિત સંકલનો સભામાં ઉપસ્થિત સર્વેએ નિહાળીને ખરેખર ખૂબ જ રોમાંચ અને આશ્ચર્ય અનુભવ્યા હતા. તેમના આ ગ્રંથોમાં 'મોતી' થી પણ અદકા દીપતા અક્ષરો એ પ્રિન્ટિંગ અક્ષરોથી પણ ઉમદા અને ચડિયાતા છે, જેનાથી પ્રભાવિત અને હર્ષવિભોર થઈ, રાસબિહારી દેસાઈ, અશોખ પરીખ જેવાએ તેમના હાથ ચૂમી, અહોભાવ દર્શાવ્યો હતો. આમ નાથાલાલ દેવાણઈએ તેમની આ હસ્તલિખિત ગ્રંથોની સર્જન યાત્રા અને તેમના અનુભવોની અનોખી વાતો રજૂ કરી, સર્વેને રસતરબોળ કરી દીધા હતા. છેલ્લે તેમણે, પોતાના હસ્તલિખિત અંકોમાં કંડારેલ ઉત્તમ બે-ત્રણ કાવ્યકૃતિઓનું પઠન કરી, સહજતાથી જણાવ્યું હતું કે, 'મારી સ્વરચિત એકપણ કૃતિ નથી.'' અંતમાં તેમણે કવિઓની ઉત્તમ કવિતાઓનાં કોટેશન રજૂ કરી, તેમાંથી ઉદ્ભવતા પ્રશ્નોની પ્રશ્નોત્તરી આપી હતી. આમ તેમણે કવિતા એટલે... વ્હાલપની વાડ પર સૂકવેલ કુંવારિકાના ભીના ભીના ગવનને લહેરાવીને જે હસ્તલિખિત અંકોમાં ગઠિત કરી છે, તે બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

આ કાર્યક્રમના અંતમાં, ગાંધીનગર સાહિત્યસભાના કારોબારી સભ્ય મૂળજીભાઈ મકવાણા 'મૂલાંકી'ની પુત્રી નીનાના થયેલ દુઃખદ અવસાન અને બ્રહ્મસ્વરુપ પ્રમુખ સ્વામીના નિધન બદલ મૌન પાળી, શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યાં હતા.

● ગાંધીનગર સાહિત્યસભાના આજીવન સભ્ય, નાટ્યકાર અને ટીવી ફિલ્મ અભિનેતા એવા હસમુખ ઈ. મેકવાને તાજેતરમાં, માતુશ્રી પ્રોડકશનના બેનર હેઠળ બની રહેલી ગુજરાતી ફિલ્મ 'મસ્તીખોર'માં અભિનયનાં ઓજસ પાથર્યા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રજૂ થયેલી ગુજરાતી ફિલ્મ 'ચોરના ભાઈ ઘંટીચોર'માં પણ અમૃતલાલ શેઠની ભૂમિકામાં નિહાળવા મળ્યા હતા. આવી રહેલ એક હિન્દી આર્ટ ફિલ્મ 'ધી ડાયરેકટર : લાઈટ, કમેરા, એકશનમાં' સહાયક અભિનેતાની ભૂમિકામાં જોવા મળશે. સાહિત્ય ઉપરાંત નાટક, ટીવી, સિરીયલ તેમજ ફિલ્મમાં અભિનયક્ષેત્રે પ્રદાન બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

'ચોરના ભાઈ ઘંટી ચોર' ગુજરાતી ફિલ્મમાં, સાહિત્યસભાના કારોબારી સભ્ય 'કવિ-મૂલાંકી' ના બે ગીતોનો સમાવેશ થયેલ છે, તેઓને પણ ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

● કવિ કાલિદાસના મેઘદૂતની સાખે, પ્રતિવર્ષ સંસ્કૃત સાહિત્ય અકાદમી સંપૂર્ણપણે સંસ્કૃત ભાષામાં કાર્યક્રમ યોજે છે. આ વર્ષે અમદાવાદ ખાતે ટાઉનહૉલમાં તા. ૫-૮-૨૦૧૬ના રોજ 'સંસ્કૃતોત્સવઃ અષાઢસ્ય પ્રથમ દિવસે' કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના માન. રાજયપાલ ઓ.પી. કૉહલીજી, માન. મંત્રી નાનુભાઈ વાનાણી, સચિવ વી.પી. પટેલ, સંસ્કૃત ભારતીના અધ્યક્ષ ડૉ. કૃષ્ણપ્રસાદ નિરુલ્લા અને અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહ્યા હતા. આ સંસ્કૃતોત્સવમાં સંસ્કૃત પંડિત સન્માન, સંસ્કૃત સાહિત્ય ગૌરવ પુરસ્કાર, સંસ્કૃત યુવા પુરસ્કાર અને સંસ્કૃત કુટુંબ સન્માન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા જેમાં (૧) શાંતિકુમાર પંડ્યાને વર્ષ ૨૦૧૬ માટે સંસ્કૃત સાહિત્ય ગૌરવ પુરસ્કાર (૨) ડૉ. યોગેશ ત્રિવેદીને વર્ષ ૨૦૧૬ માટે સંસ્કૃત યુવા ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. જયારે વેદપંડિત કક્ષામાં ૨૦૧૪-૧૫ના વર્ષ માટે પ્રમોદરાય શુક્લ - યજુર્વેદ; નારાયણભાઈ ત્રિપાઠી - સામવેદ; વિશ્વનાથ શાસ્ત્રી- શાસ્ત્ર પંડિત તેમજ વર્ષ ૨૦૧૫-૧૬માં નવીનચંદ્ર પંચોલી - અથર્વવેદ; ડૉ. વસંતકુમાર ભટ્ટ - શાસ્ત્ર પંડિત અને રામકિશોર ત્રિપાઠી- શાસ્ત્રપંડિતને વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત પંડિત સન્માન એનાયત કરવામાં આવ્યા હતા. સુશ્રી સ્મિતા બરત જોશીને વર્ષ ૨૦૧૪-૧૫ માટે અને નીતિન આચાર્યને વર્ષ ૨૦૧૫-૧૬ માટે સંસ્કૃત કુટુંબ સન્માન એનાયત કરવામાં આવ્યો હતો. સંસ્કૃતોત્સવમાં સંસ્કૃત ગરબા અને 'રઘુવંશમ્' નાટિકા તથા કાલિદાસના શ્લોક આધારિત 'મેઘદૂતમ્' ની રજૂઆત થઈ હતી. આ પ્રસંગે કવિ માધવ રામાનુઝ, ચિનુ મોદી, ડૉ. મોહન પરમાર, લતા હિરાણી, હર્ષદેવ માધવ તેમજ વિજય પંડ્યા ખાસ હાજર રહ્યા હતા.

**- muljibhaidadhi@gmail.com**